નિયામક,
સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ
આવક નંબર : ૬૭૮
તારીખ : ૯/૧૦/૨૦

**ફાયર એન.ઓ.સી./ફાયર સેફ્ટી સર્ટીફીકેટ રીન્યુઅલની સરળ અને કાર્યક્ષમ સીસ્ટમ વિકસાવવા બાબત.**

ગુજરાત સરકાર

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

હુકમ ક્રમાંક: ઇડબ-૧૦૨૦૨૦-૨૮૭૬-લ

સચિવાલય, ગાંધીનગર.

તા. - 6 OCT 2020

**હુકમ:**

ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ ના અસરકારક અમલીકરણ અન્વયે ઇમારતોના ફાયર સેફ્ટી માટે એન.ઓ.સી./ફાયર સેફ્ટી સર્ટીફીકેટના રીન્યુઅલની કાર્યવાહી માટે (૧) અરજી ફોર્મ, સલામતીનું પ્રમાણપત્ર, સોગંદનામુ, (૨) ફાયર સેફ્ટી અધિકારી તરીકે ખાનગી વ્યવસાયિકોની નોંધણી માટે યુઝર ફ્રેન્ડલી પોર્ટલ બનાવી એક સરળ અને કાર્યક્ષમ સીસ્ટમ વિકસાવવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણા બાદ આ હુકમ સાથે સામેલ રાખેલ TOR મુજબ (Fire Safety in the Buildings: Procedure for Renewal of Fire NOC/Fire Safety Certificate)ની કામગીરી ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ(GIDM) ને સોંપવામાં આવે છે અને સદર કામગીરીની દેખરેખ માટે પ્રોજેક્ટ મોનીટરીંગ ટીમની મંજુરી આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ માટે થનાર ખર્ચ રૂા. ૪૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ લાખ પુરા)ની ચૂકવણી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની (GUDC) દ્વારા કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન. મુખ્ય મંત્રીશ્રીની તા. ૨૫-૯-૨૦૨૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રકાશ દત્તા)
ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**પ્રતિ**

ડાયરેક્ટર જનરલશ્રી,
ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM)
રાયસણ, ગાંધીનગર.

7/10

મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લી. (GUDC)
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

***નકલ રવાના પ્રતિ***

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ફા.સ.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ.
- શાખા સિલેક્ટ ફાઇલ(૨૦૨૦)